

સુંદર રસ્તો, ફૂલોની મૉસમ, ગરમાળાનો છાંયો અને મનગમતા સાથી સાથે મુક્તતાથી ફરી શકવાની મૉકળાશ - આ બધું જ સરવાળે જો એક જ તસવીરમાં દેખાય તો નિશ્ચય એ તસવીર ગાંધીનગર શહેરની જ હોય. ઉનાળાની સુંદર સવારે આ તસવીર લેવામાં આવી છે અને એ દર્શાવવાનો હેતુ પણ આ જ છે : ઉનાળામાં મ્હોરતું ગાંધીનગર. આવાં તો અનેક દ્રશ્યો આ ઋતુમાં આ શહેરમાં જોવા મળે છે, જરૂર છે એસીના વાતાવરણમાંથી બહાર નીકળી પ્રકૃતિના વાતાવરણને અપનાવવાની. (તસવીર : આલોક બ્રહ્મભટ્ટ)

## એમએ પાર્ટ-૧ પરીક્ષામાં લઘુનવલનું પેપર પુછાયુ

અમદાવાદ, તા.૧૪

ગુજરાત યુનિવર્સિટી દ્વારા છબરડાઓની હારમાળા ચાલુ છે. આજે એમએ પાર્ટ-૧ સેમીસ્ટર-૧ની એક્ષટર્નલની પરીક્ષામાં લઘુશોધના બદલે લઘુનવલ વિષયનું પેપર પૂછાતા વિદ્યાર્થીઓએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો હતો. ચાલુ વર્ષે ગુજ.યુનિ.ની પરીક્ષામાં સતત છબરડાઓ થઈ રહ્યા છે. આજે એમએ પાર્ટ-૧ સેમીસ્ટર-૧ની એક્ષટર્નલની પરીક્ષામાં લઘુશોધ વિષયનું પેપર હતું. પરંતુ યુનિવર્સિટીએ ભૂલથી લઘુનવલ વિષયની પેપર કાઢી વિદ્યાર્તીઓને પરીક્ષામાં આપી પણ દીધુ હતું.

# ગાંધીનગરમાં પાંચમી ફોટોવૉક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

બૅરફૂટ ફોટોવૉકર્સ દ્વારા ગાંધીનગરમાં આજે પાંચમી ફોટોવૉકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જૂથની શરૂઆતથી જ ચાલી રહેલી થીમ 'દેખાતું છતાં અજાણ્યું' હેઠળ આજે સવારે ૪ કલાકે ૧૭ જેટલા ઉત્સાહી તસવીરકારો સૅક્ટર-૭ના શૉપીંગ સૅન્ટર ખાતે પહોંચી ગયા હતા. ફોટોગ્રાફી માટેનો વિષય હતો 'અખબાર વિતરણ.' આમ તો છાપું એટલે આપણો સવારનો વ્હાલો સાથી. પરંતુ તેને આપણા ઘર સુધી પહોંચાડવા પાછળ લાગતો શ્રમ ભાગ્યે જ કોઈ જોઈ શકે છે. એ શ્રમનો પરિચય લોકોને આપવાનો પ્રયાસ આ તસવીરકારોએ કર્યો હતો. સવારે ચાર વાગ્યે જ્યારે આખું શહેર પોઢી રહ્યું હોય ત્યારે ૧૦૦થી વધુ લોકો સૅક્ટર-૭ના શૉપીંગ સૅન્ટર ખાતે એકત્ર થઈ અખબાર વિતરણની તૈયારીઓ આરંભે છે, જે લગભગ ૭ વાગ્યે આપણા દરવાજે પહોંચે છે.

અખબાર મોટા વાહનમાં શહેર સુધી આવે ત્યાંથી લઈને આપણા ઘરે પહોંચવા માટે નાના વાહનોમાં ગોઠવાય ત્યાં સુધીની સઘળી કાર્યવાહીની તસવીરો આ તસવીરકારોએ કૅમેરામાં કંડારી હતી.

આલોક બ્રહ્મભટ્ટના નેતૃત્ત્વમાં આયોજિત થયેલી આ ફોટોવૉકમાં વિવિધ ફોટોગ્રાફી ટૅકનીક્સની ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. અખબાર વિતરણની તૈયારીઓ ઉપરાંત ગાંધીનગરમાં ઉનાળાની સુંદરતા સમાન ફૂલોની પણ ફોટોગ્રાફી કરવામાં આવી હતી. માત્ર ફૂલોની સુંદરતા જ નહીં, પરંતુ ઉનાળાની ઋતુમાં ગાંધીનગરની સુંદરતા પણ તાદ્રશ થાય તેવી તસવીરો ફોટોગ્રાફર્સે પોતાના કૅમેરામાં ઝીલી હતી.



આલોક બ્રહ્મભટ્ટ



અર્પણ પંડ્યા



સાર્થક શાહ



અંકિતા વસાવડા



ચાહિલ ગજ્જર

# રૂપાલ વરદાયિની મંદિરના રસોડામાં ગેસનો બાટલો ફાટતા આગ ભભૂકી

### સદનસીબે કોઈ જાનહાનિ નહીં : રસોડાનો સામાન બળીને રાખ : પોલીસ એફ.એસ.એલ.ની મદદથી તપાસ કરશે

ગાંધીનગર, તા.૧૪

રૂપાલ સ્થિત વરદાયિની માતાના મંદિર સંકુલમાં સ્થિત ભોજનાલયમાં આજે વહેલી સવારે ધડાકાભેર ગેસનો બાટલો ફાટતા દોડધામ મચી જવા પામી હતી. બ્લાસ્ટના લીધે ભભૂકેલી આગમાં રસોડાનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. સ્થાનિક ગ્રામજનોની મદદથી આગને કાબૂમાં લઈ લેવાતા સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

બનાવની પ્રાપ્ય માહિતી અનુસાર રૂપાલ વરદાયિની માતા મંદિરના સંકુલમાં સ્થિત રસોડાના રૂમમાં આજે સવારે મંદિર પરિસરના કોઈ કર્મચારી દૂધ લેવા ગયા હતા. માતાજી માટે ફ્રીઝમાં સ્ટોર કરાયેલ દૂધ લેવા રસોડાના રૂમનું તાળું ખોલીને લાઈટ ચાલુ કરતા જ રૂમમાં ફેલાયેલા ગેસના લીધે અચાનક ધડાકાભેર બ્લાસ્ટ થયો હતો. આ દરમિયાન સમયસૂચકતા દાખવી કર્મચારી બહાર દોડી આવ્યો હતો. ગેસનો બાટલો ફાટતા ભભૂકેલી આગના લીધે રસોડાના રૂમમાં સ્થિત ફ્રીઝ, વોટરકુલર, બારી બારણા સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનાના પગલે સ્થાનિક ગ્રામજનો પણ સ્થળ પર ધસી આવ્યા હતા. જેના અંતે આગને વધુ ફેલાતી અટકાવી કાબૂમાં લઈ લેવાઈ હતી. આ અંગે પેથાપુર પોલીસને જાણ થતા હે. કોન્સ્ટેબલ ધનજીભાઈ દેવજીભાઈએ વધુ તપાસ હાથ ધરી છે. બનાવ સંદર્ભે ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરવા પોલીસે એફ.એસ.એલ.ની મદદ લીધી છે.



# ગાંધીનગર મનપામાં બાયોલોજીસ્ટની જગ્યા પુનઃ જીવીત કરાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં સાત વર્ષ બાદ બાયોલોજીસ્ટની જગ્યા પુનઃ જીવીત કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે અને આ અંગેની જરૂરી મંજૂરીઓ પણ આપી દેવામાં આવી છે.

અર્બન મેલેરિયા પ્રોજેક્ટમાં આ મહત્વની જગ્યાને પુનઃ જીવીત કરવા માટે છેલ્લા ઘણા સમયથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના નાણાં વિભાગની નીતિ અનુસાર ત્રણ વર્ષ કરતાં વધુ સમય સુધી જગ્યા ખાલી રહેતાં આ જગ્યા આપોઆપ રદ થઈ ગઈ હતી.

ગાંધીનગર શહેરમાં વસ્તીનું ભારણ વધતાં શહેરમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ત્યારે આ જગ્યા પુનઃ જીવીત કરવાનો નિર્ણય તંત્ર માટે મહત્વનો પુરવાર થશે.

સરકારે હાલ તો આ જગ્યા માત્ર ને માત્ર ૧ વર્ષ માટે પુનઃ જીવીત કરી છે. હવે આ જગ્યાનો હવાલો કોને સોંપાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે. હાલ અર્બન મેલેરિયાનું સમગ્ર કામ ગાંધીનગર જિલ્લા પંચાયતના મેલેરિયા અધિકારીશ્રી સંભાળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા મેલેરિયાના કેસોને પણ ધ્યાને લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. કોર્પોરેશનના સત્તાવાળાઓને આ અંગેની વિધિવત જાણ પણ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં આરોગ્ય અધિકારીની જગ્યા પણ ચાર્જમાં છે અને અર્બન મેલેરિયાની આ બાયોલોજીસ્ટની જગ્યા પણ ચાર્જમાં ચાલશે કે નિયમિત નિમણુંક આપવામાં આવશે તેને લઈ તર્ક-વિતર્ક શરૂ થઈ તવા પામ્યા છે.

ગાંધીનગર નોટીફાઈડ એરિયા હતો ત્યારથી આ જગ્યા ખાલી છે. જો કે વચ્ચે થોડાક સમય માટે આ જગ્યા પર નિમણુંક આપવામાં આવી હતી. પરંતુ તત્કાલિન અધિકારી નિવૃત્ત થતાં છેલ્લા સાત વર્ષથી આ જગ્યા ખાલી પડી હતી.

શહેરમાં ચોમાસાની સીઝન નજીકમાં આવી રહી છે ત્યારે આ જગ્યા મંજૂર થઈને આવી છે તેથી તેનું વહીવટીય મહત્વ પણ ઘણું છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે કોર્પોરેશને પણ તેની આવી જ જગ્યા પણ ઊભી કરવાની થશે.

## ખૂણે ખાંચરેથી

● શહેરના જાણીતા વકીલ શ્રી પી.પી. બિહોલા સોમવારથી કૈલાસ માનસરોવરની યાત્રાએ જઈ રહ્યા છે. ● ગાંધીનગરના તેજસ્વી તારલા ડૉ. નિહાર વિજય કાથરાણીએ ઉચ્ચ અભ્યાસ માટેની એન્ટ્રસ ટેસ્ટમાં રાજ્યમાં ત્રીજા ક્રમે અને ભારત વર્ષમાં ૩૨૯મો ક્રમાંક મેળવ્યો છે. ડૉ. કાથરાણીએ માસ્ટર ઓફ સર્જરીમાં પ્રવેશ મેળવ્યો છે. ● આગામી ૧લી જૂનથી જિલ્લા કલેક્ટર અને પંચાયત કચેરીમાં કંટ્રોલરૂમ શરૂ કરી દેવામાં આવશે. ● ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને આજે ગુણપત્રકો મળી જતાં હવે એડમિશનની દોડાદોડ વાલીઓએ આરંભી દીધી છે. ● ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૬ મે ની આસપાસ જાહેર કરવામાં આવશે. ● ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારીએ ૧૨ જેટલી શાળાઓની અનિયમિતતાને ધ્યાને લઈ તેમની માન્યતાઓ રદ કરવાનો નિર્ણય લીધો છે. આ શાળાઓ સૌરાષ્ટ્રની છે. ● ગાંધીનગર જિલ્લામાં બે નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગના અધિકારીઓની તાલીમ માટે નિયુક્તી કરાઈ છે. કોમલ દવે અને જ્યોતિ પટેલની નિમણુંક કરવામાં આવી છે.

# ભાડા વસુલાત શાખાને ઓનલાઈન કરવાની કાર્યયોજના વિસરાઈ!

## એક વર્ષના અંતે પણ હજુ ઠેકાણા પડયા નથી

## સ્ટાફના અભાવે વહીવટી કામગીરી પણ મંદ

ગાંધીનગર, તા.૧૪

પાટનગર યોજના ભવનની ભાડા વસુલાત શાખાની કામગીરી કોમ્પ્યુટરાઈઝડ કરવાની યોજના સંદર્ભે હજુ સુધી મીંડુ ચિતરાયેલું છે. શાખાની કામગીરીને પારદર્શક અને અસરકારક બનાવવાના અભિગમ સાથે ભાડા વસુલાતી અને મકાન ફાળવણીની પ્રક્રીયા ઓનલાઈન કરવાની વાત વિસરાઈ છે.

શહેરના વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના અંદાજિત ૧૬૨૮૫ જેટલા સરકારી આવાસો અસ્તિત્વ ધરાવે છે. જયારે આ આવાસોની ફાળવણી તેમજ ભાડા વસુલાતીની પ્રક્રિયાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા છેલ્લા એક વર્ષથી શાખાની કામગીરીને કોમ્પ્યુટરાઈઝડ બનાવવાની ગુલબાંગો હાંકવામાં આવે છે. આ અન્વયે વિભાગ દ્વારા પ્રાથમિક કામગીરીને અનુલક્ષી ડેટા એન્ટ્રી સહિતની જરૂરી કાર્યવાહી અગાઉ હાથ ધરી દેવામાં આવી હતી પરંતુ લાંબા સમયના અંતે પણ રેન્ટ શાખાને કોમ્પ્યુટરાઈઝડ કરવાની યોજના અમલી બની શકી નથી. બીજી તરફ હાલની સ્થિતિએ પર્યાપ્ત સ્ટાફના અભાવે શાખાની વહીવટી કામગીરી પણ કથળી છે. શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી કેટલા ખાલી છે તેમજ આ ઉપરાંત મકાન ફાળવણી સંદર્ભે શું સ્થિતિ છે તે સઘળી માહિતી આમ નાગરિકોને આંગળીને ટેરવે ઉપલબ્ધ થાય તે માટે શાખાની કામગીરીને વધુ ઝડપી અને પારદર્શક બનાવવાના આશયથી સઘળી કાર્યવાહી કોમ્પ્યુટરાઈઝડ કરવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ આ દીશામાં હજુ સુધી નકકર આયોજન ન થતા શાખાની વહીવટી કામગીરીમાં કોઈ સુધાર આવ્યો નથી.


## કેમિકલ પેસ્ટીસાઈડ્સ ફ્રી પ્રોડક્ટ્સ

ગીરગાયનું ઘી, અનાજ, કઠોળ અને શાકભાજી મેળવવા મેમ્બર બનો તથા વગર રોકાણે પ્રમોટર્સ બની આજીવન આવક મેળવો.


મો. : ૯૭૨૭૭ ૬૮૪૨૭, ૯૭૨૭૭૬૮૪૩૫, ૦૭૯-૨૩૨૧૧૭૨૩

શાલીનગ્રામ-૨૦૪, તન્મય એપા., સેક્ટર-૨૯, ગાંધીનગર






## હાર્દિક અભિનંદન




માન. શ્રીમતી સોનિયા ગાંધી

માન. શ્રી અહેમદભાઈ પટેલ

માન. શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદભાઈ પટેલ સાહેબની ભલામણથી કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીએ ગુજરાત રાજ્યના પૂર્વમંત્રીશ્રી અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતા માનનીયશ્રી ઈશ્વરસિંહજી ચાવડા સાહેબને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની કોર કમિટિના સભ્ય તરીકે નિમણુંક કરવા બદલ અમો હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ..

● ચાવડા જયદિપસિંહ (નેત્ર જ્યોતિ હોસ્પિટલ, પાટણ) ●
● ડાભી કમલેશસિંહ નારણસિંહ - ગાંધીનગર ●
● પટેલ મહેન્દ્રકુમાર નાથાલાલ (ડે. સરપંચ, વિહાર) ●
● ચાવડા અશ્વિનસિંહ પૃથ્વીસિંહ (ઓમ ગોગા ઓટો કન્સલ્ટ) ●
● પટેલ કૌશિકકુમાર (ઓમ સાંઈ ફેશન સિલેક્શન-માણસા) ●
● ચાવડા રવિન્દ્રસિંહ નરેન્દ્રસિંહ (રાઘવ ગેસ એજન્સી, વિજાપુર) ●
● ડાભી પ્રવિણસિંહ પૃથ્વીસિંહ - ખોરજ ●
● ચાવડા બલવંતસિંહ કેશરીસિંહ - રીદ્રોલ ●
● ડાભી ભૂપેન્દ્રસિંહ પૃથ્વીસિંહ - ખોરજ ●




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com